# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/425 Dt. 01/05/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા બિઝનેસ પ્રેઝન્ટેશન મિટિંગ યોજાઇ, મહિલા સાહસિકોએ પોતપોતાના બિઝનેસને પ્રેઝેન્ટ કર્યા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા ગુરુવાર, તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે ડુમસ રોડ, ન્યૂ મગદલ્લા સ્થિત જેગુઆર નવજીવન ખાતે બિઝનેસ પ્રેઝન્ટેશન મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ મહિલા સાહસિકોને આવકારી તેઓને બિઝનેસમાં આગળ વધવા પ્રોત્સાહિત કરી હતી. વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટેના કરવામાં આવતા વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડયો હતો.

મિટિંગ દરમ્યાન જેગુઆર નવજીવન સંસ્થા તરફથી સુશ્રી દિશા ગજ્જરે વુમન આંત્રપ્રિન્યોર સેલની મહિલા સભ્યોનું સન્માન કરી ઉપસ્થિતોને સંબોધન કર્યું હતું. નવા સભ્યોનું ઇન્ડકશન વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન દ્વારા કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને મહિલા સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઈએ મિટિંગમાં ઉપસ્થિત મહિલા સાહસિકોનો આભાર વ્યકત કર્યો હતો.

આ બિઝનેસ મિટિંગનું સંચાલન સુશ્રી આશિતા જરીવાલા અને સુશ્રી ખ્યાતિ બક્ષીએ સંયુક્ત રીતે કર્યું હતું. કાર્યક્રમ અંતે વિઝિટર ઓરિએન્ટેશન સેશન સુશ્રી ધરા શાહ અને સુશ્રી હેમાની જુનેજાએ સંચાલિત કર્યું હતું, જેમાં ઉપસ્થિતોને ચેમ્બર તથા વુમન આંત્રપ્રિન્યોર સેલની પ્રવૃત્તિઓ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.